**સુધારા આદેશ**

ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/
ગુ.મા અને ઉ.મા શિક્ષણબોર્ડ
માધ્યમિક વિભાગ
સેક્ટર-10બી, સચિવાલય પાસે, ગાંધીનગર.
તા:- 06/01/2020

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- માર્ચ-૨૦૨૦ની એસ.એસ.સી.ની શાળા કક્ષાના વિષયની પરીક્ષા બાબત.
સંદર્ભ:- અત્રેની કચેરીના પત્રક્રમાંક: મ.ઉ.મ.શ.બ/માધ્યમિક/767 તા:૩૧/૧૨/૨૦૧૯ અન્વયે.

મહાશય,

જયભારત ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે માર્ચ-2020 ની એસ.એસ.સી. પરીક્ષાઓની શરૂઆત તા-05/03/2020 થી થઈ રહી છે. ગુ.મા અને ઉ.મા શિક્ષણબોર્ડના શૈક્ષણિક કેલેન્ડરમાં શાળા કક્ષાના વિષયની પરીક્ષા તા:-10/02/2020 થી તા:12/02/2020 દરમ્યાન યોજવી તેવું નિર્દેશ કરેલું છે.

શાળા કક્ષાના વિષયની પરીક્ષા બાબતમાં એકસૂત્રતા જળવાય તે માટેની આપશ્રીની કક્ષાએથી વ્યવસ્થા થાય અને પ્રશ્નપત્ર પણ જિલ્લા કક્ષાએથી પરિરૂપ પ્રમાણે તૈયાર થાય તે ઈચ્છનીય હોઈ. નીચે દર્શાવેલ તારીખ અને સમયે આ કસોટીઓ યોજાય, તેની જાણ નોંધાયેલ માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી થઈ જાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. આ સૂચનાનું પાલન ન કરનાર શાળાઓ સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવવું. બોર્ડ દ્વારા પરીક્ષા દરમ્યાન આકસ્મિક ચકાસણી હાથ ધરવામાં આવશે તે બાબત પણ આચાર્યશ્રીઓને ધ્યાને મૂકવું.

| તારીખ | સમય:- 11:00 થી 12:00 કલાક થીયરી પ્રશ્નપત્ર<br>13:00 થી પ્રેક્ટીકલ પરીક્ષા |
|---|---|
| 10/02/2020 | → તમામ શાળા કક્ષાના વિષયોની થીયરી પ્રશ્નપત્ર અને સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ સિવાયના તમામ વિષયનું પ્રેક્ટીકલ પરીક્ષા. |
| 11/02/2020 | → દિવ્યાંગ ઉમેદવારોએ શાળા કક્ષાનો અન્ય કોઈ વિષય પસંદ કરેલ હોય તો તે વિષયની થીયરી અને પ્રેક્ટીકલ પરીક્ષા. |
| 12/02/2020 | → સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનું પ્રેક્ટીકલ પરીક્ષા. |

નોંધ:-(1) તા:- 10/02/2020 ના રોજ પ્રેક્ટીકલ પરીક્ષા પૂર્ણ ન થાય તો પછીના દિવસે પૂર્ણ કરવાની રહેશે.
(2) શાળા કક્ષાંની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્યના તમામ દસ્તાવેજો શાળાએ નિભાવવાના રહેશે.

ક્રમાંક :માવિ.૬/એસ.એસ.સી પરીક્ષા ફોર્મ/૨૦૨૦/645

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૦7/૦૧/૨૦૨૦ 13

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂ</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ,
બનાસકાંઠા જિલ્લો

Scanned by CamScanner